# ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ – ૩૮૦૦૧૪

## <u>રહેમરાહે ભરતી અંગેના નિયમો</u>

( ગૂજરાત વિદ્યાપીઠ બંધારણની કલમ -૧૫(૧૦) અન્વયે )

1. ટૂંકી સંજ્ઞા અને અમલ

આ નિયમો 'ગૂજરાત વિદ્યાપીઠ (રહેમરાહે ભરતી અંગેના) નિયમો-૨૦૧૫' તરીકે ઓળખાશે જે ટૂંકમાં "રહેમરાહે ભરતીના નિયમો" તરીકે ઓળખાશે અને તે તારીખ ૦૧/૦૭/૨૦૧૫થી અમલમાં આવશે.

2. કોને લાગુ પડશે

આ નિયમો ગૂજરાત વિદ્યાપીઠમાં ફરજ બજાવતા----

(1) નિયમિત પૂર્ણ-કાલીન સમય માટે કાયમી ધોરણે નિમાયેલા સેવકો કે જેઓ ચાલુ સેવા દરમ્યાન અવસાન પામ્યા હોય (આત્મહત્યા સહિતના મૃત્યુના સંજોગોમાં પણ) <u>અથવા</u>

(2) વિદ્યાપીઠના કાયમી સેવક ૫૫ વર્ષની વયે પહોંચે (જૂથ 'ડી' ના સેવકો માટે ૫૭ વર્ષ) તે પહેલા તબીબી કારણોસર (જે તે લાગુ પડતા નિયમોને આધીન) શારીરિક અયોગ્યતાને કારણે સેવા નિવૃત્ત થયા હોય તેવા સેવકો (હવે પછી 'પૂર્વ- સેવક' તરીકે ઓળખાશે) ના પરિવારના સભ્યોને લાગુ પડશે.

3. વ્યાખ્યાઓ

આ નિયમો માટે નિયમોમાં ઉપયોગમાં લેવામાં આવેલા શબ્દો અને/અથવા શબ્દ સમૂહ માટે ગૂજરાત વિદ્યાપીઠના બંધારણમાં અન્યથા અપેક્ષિત ન હોય તો:-

3.1 'રહેમરાહે નિમણૂક યોજના: આ યોજના અંતર્ગત, ગૂજરાત વિદ્યાપીઠના સેવકનું સેવાકાળ દરમ્યાન મૃત્યુ થાય અથવા તબીબી કારણોસર સેવક વય-નિવૃત્ત થાય (જેને પૂર્વ સેવક તરીકે ગણવામાં આવશે) અને પરિવાર ઉપર આવી પડેલ આકસ્મિક ગરીબી અને આજીવિકા વગર, આર્થિક સંકટને નિવારવા, આવા સેવકના પરિવારના આશ્રિત સભ્યને નિમણૂક આપી શકાય.'

3.2 'વિદ્યાપીઠ' એટલે તા.૧૮/૧૦/૧૯૨૦ના રોજ સ્થપાયેલું ગૂજરાત વિદ્યાપીઠ મંડળ સંચાલિત કે સ્થાપિત, બધા વિભાગોને લાગુ પડશે.

3.3 'યુજીસી' એટલે ભારત સરકાર દ્વારા સ્થાપવામાં આવેલ વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ

3.4 'કેન્દ્ર સરકાર' એટલે ભારત સરકાર

3.5 'રાજ્ય સરકાર' એટલે ગુજરાત સરકાર

3.6 ' મંડળ' એટલે ગૂજરાત વિદ્યાપીઠ બંધારણની કલમ-૨ પ્રમાણે રચાયેલું મંડળ

3.7 'સેવા' એટલે:

(1) વિદ્યાપીઠમાં નિયમિત નોકરી (જેમા પુન: નિયુક્તિ અને એડહોક ધોરણ નોકરીનો સમાવેશ થતો નથી).

(2) નિયમિત નોકરીને વય-નિવૃત્તિ બાદ અધિકૃત રીતે લંબાવવામાં આવેલ હોય તેવી નોકરી

(3) સેવામાં પુન: નિયુક્તિમાં સામન્ય નોકરીની નિવૃત્તિની વય મર્યાદામાં પૂર્વ લશ્કરી દળની નોકરીનો સમાવેશ થતો નથી.

3.8 'કારોબારી સમિતિ' એટલે ગૂજરાત વિદ્યાપીઠ બંધારણની કલમ-૧૫ પ્રમાણે રચાયેલી કારોબારી સમિતિ.

3.9 કુલનાયક ' એટલે ગૂજરાત વિદ્યાપીઠ બંધારણની કલમ-૮ પ્રમાણે કુલનાયક તરીકે નિમાયેલ વ્યક્તિ

3.10 'કુલસચિવ એટલે ગૂજરાત વિદ્યાપીઠ બંધારણની કલમ-૧૧ પ્રમાણે કુલસચિવ તરીકે નિમાયેલ વ્યક્તિ.

3.11 'કલ્યાણ સમિતિ' એટલે વિદ્યાપીઠની કારોબારી સમિતિએ રહેમરાહે નિમણૂક માટે આવેલી અરજીઓની ચકાસણી માટે નિમેલી સમિતિ.

3.12 'વિભાગીય અધ્યક્ષ' એટલે વિભાગના અધ્યક્ષ તરીકે જેમને જવાબદારી સોંપવામાં આવી છે તે વ્યક્તિ.

3.13 'સેવક' એટલે નિયમિત ધોરણે વિદ્યાપીઠની સેવામાં નીમવામાં આવેલ સેવક (જેમાં કરાર આધારિત કે એડહોક ધોરણે નિમાયેલ કે રોજમદાર તરીકે રોકવામાં આવેલા હોય તેવા કે નિવૃત્તિ પછી પુન: નિયુક્ત થયેલ સેવકનો સમાવેશ થતો નથી.)

3.14આશ્રિત પરિવાર એટલે-

1) પૂર્વ સેવકનાં પત્ની / પતિ (રહેમરાહે નિમણૂંક યોજના અંતર્ગત લાભ મળ્યા બાદ પૂર્વ સેવકના પત્નિના પુનઃ લગ્ન બાદ પણ આ લાભ ચાલુ રહેશે);

<u>અથવા</u>

2) પૂર્વ સેવકના પરિવાર સાથે રહેતો હોય તેવો પરિણીત કે અપરિણીત પુત્ર (દત્તક લીધેલ પુત્ર સહિત); <u>અથવા</u>

3) પૂર્વ સેવકના પરિવાર સાથે રહેતી હોય તેવી અપરિણીત અથવા વિધવા પુત્રી (દત્તક લીધેલ પુત્રી સહિત); <u>અથવા</u>

4) જો પૂર્વ સેવક અપરિણીત હોય તો સેવકના ભાઇ કે બહેન

5) ઉપર (1) અને (2) માં દર્શાવેલ લશ્કરી દળના સભ્ય જેઓ પૂર્વ-સેવક ઉપર સંપૂર્ણ પણે આશ્રિત હોય.

4. અર્થઘટન

આ નિયમોના અર્થઘટન સંદર્ભે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો કુલનાયકશ્રીનું અર્થઘટન આખરી ગણાશે.

5. જગ્યાની ઉપલબ્ધતા

(અ) રહેમરાહે નિમણૂંક નિયમિત ધોરણે કરવાની રહેશે અને આવી નિમણૂંક આ હેતુ માટે નિયત કરવામાં આવેલી જગ્યા ઉપર જ કરવાની રહેશે.

(બ)

1) રહેમરાહે નિમણૂક જૂથ-સી (વર્ગ-3)ની સૌથી નીચેના પગાર ધોરણ વાળી જગ્યા ઉપર જ આપવાની રહેશે. આવી નિમણૂંક કાયમી જગ્યા ઉપર નિયમિત ધોરણે આપવામાં આવશે.

2) જૂથ-સી (વર્ગ-3)ની જગ્યાઓ પૈકી વર્ષ દરમ્યાન સીધી ભરતીથી ભરવાની કુલ જગ્યાઓની પાંચ ટકા સુધી જગ્યા રહેમરાહે ભરતીથી ભરી શકાશે. આ માટે મંજૂર થયેલી જૂથ-સી ની કુલ જગ્યાઓને ગણતરીમાં લેવાની રહેશે.

3) રહેમરાહે નિમણૂંક માટે ખાલી જગ્યાઓની ગણતરી માટે નાની કચેરીઓમાં જો વર્ષ દરમ્યાન જૂથ-સી ની સીધી ભરતીની જગ્યા ૨૦ કરતાં ઓછી હોય તો બધી વર્ગીકૃત જૂથ-સીની ખાલી જગ્યાઓ ભેગી કરી ગણતરીમાં લઈ શકાય; પરંતુ આવી કોઇ વર્ગીકૃત જગ્યામાં એકથી વધુ ભરતી કરી શકાશે નહિ. આવી ખાલી જગ્યાઓની ગણતરી અડધા થી વધુ પણ એક થી ઓછી હોય તો એક ખાલી જગ્યા તરીકે ગણવામાં આવશે. નાની સંસ્થાઓ માટે ખાલી જગ્યાઓની ગણતરી માટે ઉદાર પદ્ધતિ અપનાવી રહેમરાહે નિમણૂક માટે જો એક વર્ષ દરમ્યાન કોઈ ખાલી જગ્યા ના મળતી હોય તો છેલ્લા 3 વર્ષ કે વધુ સમયમાં ખાલી પડેલ જગ્યાઓને ગણતરીમાં લઈ શકાય, પણ શર્ત એ કે એ વર્ષોમાં રહેમરાહે નિમણૂક અંતર્ગત કોઈ પણ જગ્યા ભરવામાં આવેલી ના હોવી જોઈએ. રહેમરાહે નિમણૂંક, જૂથ-સી અને ભૂતપૂર્વ જૂથ-ડી સ્તરે ટેકનિકલ જગ્યાઓ સામે કરી શકાશે. જે માટે ટેકનિકલ જગ્યાઓની એક વર્ષમાં સીધી ભરતીની કુલ ખાલી જગ્યાઓના ૫% આધારે ગણતરી કરવી.

4) જે ઉમેદવારની રહેમરાહે નોકરી માટે પસંદગી કરવામાં આવે તે જે કક્ષા (SC, ST, OBC અને General કેટેગરી)માં આવતા હોય તે કક્ષાના ઉમેદવારની સીધી ભરતી ગણી રોસ્ટર પત્રકમાં જે તે કક્ષામાં તેનુ નામ ઉમેરવાનું રહેશે.

6. લઘુતમ વયમર્યાદા

વિદ્યાપીઠના મહેકમ હેઠળ પરિશિષ્ટમાં દર્શાવેલી તમામ જગાઓ પર નિમણૂક માટે લઘુત્તમ વયમર્યાદા ૧૮ (અઢાર) વર્ષની રહેશે. તેથી ઓછી વય ધરાવતા પરિવારના સભ્ય રહેમરાહે નોકરી માટે પાત્ર ગણાશે નહિ.

7. મહત્તમ વયમર્યાદા

જૂથ-સી (વર્ગ-3)ની જગાઓ ઉપર ભરતી માટે નક્કી કરવામાં આવેલી મહત્તમ વયમર્યાદામાં રહેમરાહે નિમણૂકના કિસ્સામાં છૂટછાટ આપી શકાશે. આવી છૂટછાટ માટે આ પરિવારના સભ્ય જે તારીખે અરજી કરે તે તારીખે તેમની ઉંમર ધ્યાને લેવામાં આવશે અને નિમણૂકની તારીખે ઉંમર ધ્યાને લેવાની રહેશે નહિ.

8. રહેમરાહે નિમણૂંક માટે પાત્રતા

(1) આશ્રિત પરિવારના સભ્યો જીવન નિર્વાહની મુશ્કેલી અનુભવતા હોય અને તેની ખાતરી કર્યા બાદ આવી મુશ્કેલી વાજબી જણાય તો અને તેમને તાત્કાલિક સહાય ની જરૂરિયાત હોય તેવા સંજોગોમાં રહેમરાહે નિમણૂંક મેળવવા ઇચ્છતા આશ્રિત પરિવારના સભ્ય, અન્ય શરતો ને આધીન નિમણૂકને પાત્ર ગણાશે.

(2) રહેમરાહે નોકરી મેળવવા માટે અરજી કરનાર આશ્રિત પરિવારના સભ્ય ભરતી ના નિયમો અનુસાર ની તમામ યોગ્યતા ધરાવતા હોય તેમને જૂથ-સી ની સીધી ભરતી ના હિસ્સા(Quota) ની જગ્યા સામે નિમણૂકને પાત્ર ગણાશે.

(3) જો આશ્રિત પરિવારના સભ્ય પૈકી કોઇ ને ગૂજરાત વિદ્યાપીઠમાં કોઇ કારણસર લાંબા સમય માટે નોકરી મળી શકી ના હોય તેવા સંજોગોમાં પરિવાર ની આર્થિક સ્થિતિની સમીક્ષા કરવાની અંગત જવાબદારી નિમણૂક અધિકારીની રહેશે. આ માટે પરિવાર ની આવકના તમામ સ્ત્રોત ચકાસવાના રહેશે.

9. લાયકાત ના ધરાવતા હોય તો

(1) અસાધારણ સંજોગોમાં ભરતી ના નિયમો અનુસારની યોગ્યતા ના ધરાવતા હોય તેવા ઉમેદવારને વધુમાં વધુ પાંચ વર્ષની મુદત માટે તાલીમાર્થી તરીકે નિમણૂક આપી શકાશે. આવી નિમણૂક પ્રાપ્ત કરનાર તાલીમાર્થીએ ખૂટતી યોગ્યતા પ્રાપ્ત કરી લેવાની રહેશે. તાલીમાર્થીને તાલીમ ના સમય ગાળા દરમ્યાન ભારત સરકાર દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલા પગારધોરણ પૈકી લઘુતમ પગાર ધોરણે (જે હાલમાં રૂ.૪૪૪૦-૭૪૪૦) વત્તા મળવા પાત્ર ભથ્થા જેવા કે મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, પરિવહન ભથ્થું આપી શકાશે; પરંતુ તાલીમાર્થીને આવા લઘુતમ પગાર ધોરણનો ગ્રેડ પે આપી શકાશે નહિ. તાલીમ નો સમયગાળો સેવાના સમય ગાળા તરીકે કોઇ પણ હેતુ માટે ગણાશે નહિ. તાલીમાર્થીને નિયમિત પે બેન્ડ અને ગ્રેડ પે મળ્યેથી જ નિયમિત નિમણૂક ગણાશે.

(2) પૂર્વ સેવકનાં વિધવા જો જગ્યા માટેની પૂરતી શૈક્ષણિક યોગ્યતા ધરાવતા ના હોય અને નિમણૂંક કરનાર અધિકારી ને એમ જણાય કે તેણી તેના ઉપરી અધિકારીની મદદથી તેની જે જગા ઉપર નિમણૂક કરવાની છે તે જગાનું કામ સારી રીતે કરી શકશે તો તેને મલ્ટી ટાસ્કીંગ સ્ટાફ ની જગા ઉપર નિમણૂક આપવામાં આવશે અને તે માટે નક્કી કરવામાં આવેલું પગાર ધોરણ (રૂ. ૫૨૦૦-૨૦,૨૦૦) તથા ગ્રેડ પે (રૂ. ૧૮૦૦) આપવામાં આવશે. આ અપવાદ માત્ર મલ્ટી ટાસ્કીંગ સ્ટાફ તરીકે નિયુક્તિ આપવા માટે જ લાગુ પડશે.

10. પરિવારના સભ્ય દ્વારા આર્થિક ઉપાર્જન

(1) જો આશ્રિત પરિવારના કોઇ સભ્ય નોકરી કે આર્થિક ઉપાર્જન કરતા હોય તો તેવા સંજોગોમાં આશ્રિત પરિવારના અન્ય સભ્યની રહેમરાહે નિમણૂંક માટેની અરજી પર વિચારણા કરી શકાશે, પરંતુ તેવા સંજોગોમાં નિમણૂંક કર્તા સત્તાધિશોએ પરિવારના કુલ સભ્યો, તેમની નોકરીની આવક કે આર્થિક ઉપાર્જન દ્વારા થતી આવક, પરિવારની સહિયારી અસ્કયામતો, આવકના અન્ય સ્ત્રોત, આ સભ્યો પરિવાર સાથે રહે છે કે કેમ અને આ સભ્ય/સભ્યો પરિવારના અન્ય સભ્યોના નિર્વાહ માટે જવાબદાર છે કે કેમ તેની ચકાસણી કરવાની રહેશે અને આ સભ્યો જો પરિવાર સાથે રહેતા ના હોય અને પરિવારના અન્ય સભ્યોના નિર્વાહ માટે જવાબદારી વહન કરતા ના હોય તેવા કિસ્સામાં જ આશ્રિત પરિવારના અન્ય સભ્યને રહેમરાહે નિમણૂક માટે વિચારણા કરવાની રહેશે.

(2) ગૂજરાત વિદ્યાપીઠ ના અવસાન પામેલ અથવા તબીબી કારણોસર નિવૃત્ત સેવકના કુટુંબના કોઇપણ સભ્ય પાસે રોજગારી પહેલેથી જ છે પરંતુ આ સભ્ય પરિવારના સભ્યોની પાલન-પોષણ ની જવાબદારી નિભાવતા નથી એના સચોટ પુરાવા અને રૂ.૧૦૦ (સો)ના સ્ટેમ્પ પેપર પર સોગંદનામું (Affidavit) મળ્યેથી આવા કિસ્સાઓમાં, આત્યંતિક આર્થિક તકલીફ અંગે સાવધાની અને આપેલ પુરાવાની ઝીણવટ ભરી ચકાસણી કર્યા બાદ, ગૂજરાત વિદ્યાપીઠના અવસાન પામેલ અથવા તબીબી કારણોસર નિવૃત્ત સેવકના પરિવારના અન્ય સભ્યોમાંથી રહેમરાહે નોકરી આપી શકાય પણ એ જોવાનું રહે કે આ નિમણૂક આપવાથી આ યોજનાના હેતુનો દુરુપયોગ થતો નથી. આ અંગે યોગ્ય પુરાવાની ચકાસણી કરી આખરીકરણ કરવું.

**11. રહેમરાહે નિમણૂંકની કાર્યવાહી ની વિચારણા માટે સમય મર્યાદા:**

રહેમરાહે નિમણૂંક માટે કાર્યવાહી ની વિચારણા માટે સમય મર્યાદા નિર્ધારણ અંગે ભારત સરકારના O.M. No.14014 / 3/2011-Estt. (ડી) 26.07.2012 થી સમીક્ષા કરી જણાવ્યું કે હવેથી કોઈ સમય મર્યાદા રહેતી નથી, પણ આ યોજના હેઠળ પાંચ વર્ષ કરતાં જુના કિસ્સા

આવે તો એ જાણવું જરૂરી રહેશે કે આ યોજનાનો મુખ્ય હેતુ - 'પરિવાર ઉપર આવી પડેલ આકસ્મિક ગરીબી અને આજીવિકા વગર, આર્થિક સંકટને નિવારવા, આવા સેવકના પરિવારના આશ્રિત સભ્યને નિમણૂક આપી શકાય', જળવાઈ રહે તે માટે જરૂરી ચકાસણી કરવાની રહેશે કે આટલા સમય દરમ્યાન જો કુટુંબનું ગુજરાન સારી રીતે થઈ શકતું હતું તો એ સાબિતી છે કે પરિવારને વધુ આર્થિક સહાયની જરૂરિયાત નથી. એટલે આવા કિસ્સાઓમાં નિમણૂંક કર્તા અધિકારીની જવાબદારી યોગ્ય તપાસ કરવાની રહેશે.

12. રહેમરાહે નોકરી માટે અરજી ધ્યાને લેવા તથા ભરતી અંગે

1. રહેમરાહે નોકરી માટેની અરજી ક્યારે કરવી જોઇએ તે માટે કોઇ ચોક્કસ સમય મર્યાદા નથી પરંતુ કારોબારી સમિતિ દ્વારા રચવામાં આવેલી કલ્યાણ સમિતિ પરિવારની આર્થિક સ્થિતિના આધારે આવી અરજી ધ્યાને લઇ શકશે.
2. અરજદારે પરિશિષ્ટ-૧ માં આપેલ અરજી પત્રકમાં કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠને સંબોધીને અરજી કરવાની રહેશે.
3. જ્યારે કોઇ સેંવકનું અવસાન થાય ત્યારે કલ્યાણ સમિતિના સભ્યો અવસાન પામેલ સેવકના પરિવારના સભ્યોની મુલાકાત લેશે અને રહેમરાહે નોકરી અંગે જાણકારી આપશે અને અરજી કરવામાં મદદરૂપ થશે.
4. પૂર્વ સેવકના પરિવારના સભ્ય દ્વારા રહેમરાહે નોકરી મેળવવા કરવામાં આવેલી અરજી ઉપર કારોબારી સમિતિ દ્વારા રચવામાં આવેલી કલ્યાણ સમિતિ દ્વારા વિચારણામાં લેવાશે અને સમિતિ જરૂરી ભલામણ કરશે. સમિતિના સભ્યોને જરૂરી જણાય તો અરજદારને રૂબરૂ મળવા પણ બોલાવશે.
5. સમિતિ દ્વારા કરવામાં અવેલી ભલામણ કુલનાયકશ્રી સમક્ષ રજૂ કરવામાં આવશે અને કુલનાયકશ્રી જરૂરી નિર્ણય કરશે.
6. રહેમરાહે નોકરી મેળવનાર સેવક જે વર્ષમાં નોકરી આપવામાં આવે તે વર્ષમાં સિનિયોટીમાં તેનું નામ છેલ્લે રાખવામાં આવશે.
7. રહેમરાહે નોકરી મેળવનાર સેવકે તેમના પરિવારના અન્ય આશ્રિત સભ્યોની પુરતી કાળજી લેશે તે બાબતનું સોગંદનામું (Affidavit) આપવાનું રહેશે. જો સેવક બધા સભ્યોની પૂરતી કાળજી લેવામાં નિષ્ફળ રહેશે તો તાત્કાલિક અસર થી તેની નિમણૂંક રદ્દ કરવામાં આવશે.
8. રહેમરાહે નોકરી મેળવનાર સેવકે ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા નક્કી કરવામાં આવેલા સેવાના નિયમનું પાલન કરવાનું રહેશે.

13. રહેમરાહે ભરતી માટે વિશેષ મુક્તિ

રહેમરાહે ભરતી માટે ભારત સરકાર દ્વારા નીચે મુજબ વિશેષ મુક્તિ આપવામાં આવી છે.

(1) રહેમરાહે ભરતી કરવા માટે ભરતી માટે નિયત કરવામાં પ્રક્રિયા અનુસરવાની જરૂર નથી.

(2) ભારત સરકાર દ્વારા ભરતી ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય તો પણ આવો પ્રતિબંધ રહેમરાહે ભરતી માટે લાગુ પડશે નહિ.

14. કલ્યાણ સમિતિ

રહેમરાહે નોકરી માટે આવેલી અરજીઓની ચકાસણી તથા તે અંગે જરૂરી નિર્ણય માટે ભલામણ કરવા નીચે મુજબના ત્રણ સભ્યોની કલ્યાણ સમિતિ રહેશે.

1. શ્રી ડી. પી. નેગી (પૂર્વ વહીવટી અધિકારી, INFLIBNET)
2. શ્રી વી. પી. મેકવાન (કુલસચિવશ્રી, કામધેનુ વિશ્વવિદ્યાલય)
3. ડૉ. ગૌરાંગભાઈ જાની (સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિશ્વવિદ્યાલય)

આ ત્રણ સભ્યોની નિમણૂંક કારોબારી સમિતિ દ્વારા કરવામાં આવશે જેમની મુદત ત્રણ વર્ષ સુધીની રહેશે. ત્રણ સભ્યો પૈકી એક સભ્ય અધ્યક્ષ રહેશે.

15. પડતર કિસ્સાઓ

આ નિયમો અમલમાં આવે તે પહેલાંના રહેમરાહે નિમણૂંકના પડતર કિસ્સાઓ કલ્યાણ સમિતિ સમક્ષ રજૂ કરવાના રહેશે. સમિતિ આ નિયમોની જોગવાઇઓ ધ્યાને લઇને જરૂરી કાર્યવાહી કરશે.

16. ગૂમ થયેલ સેવકનો પરિવાર

ગૂજરાત વિદ્યાપીઠના ગૂમ થયેલા સેવકના પરિવારના સભ્યને આ નિયમો હેઠળ આવરી લેવામાં આવશે તે માટેની શરતો નીચે મુજબ રહેશે:

અ.1) ગૂજરાત વિદ્યાપીઠમાં નોકરી કરતા સેવક ગુમ થયેલા જાહેર થાય; અને

2) તેમના ગુમ થયા હોવાનો એફ. આઇ. આર. (ફર્સ્ટ ઇન્ફરમેશન રીપોર્ટ) જે તે પોલીસ સ્ટેશનમાં દાખલ કરેલો હોય; અને

3) નિમણૂક કર્તા અધિકારીને જણાય કે ગુમ થયેલા સેવકનો પરિવાર આર્થિક મુશ્કેલીમાં છે. તો તેવા કિસ્સાઓ રહેમરાહે નોકરી માટે વિચારણામાં લેવામાં આવશે ; પરંતુ

બ. 1) ગુમ થયેલ કર્મચારી જે તારીખથી ગુમ થયેલ હોય તે તારીખથી વય મર્યાદામાં નિવૃત્ત થવાના ઓછામાં ઓછા બે વર્ષ બાકી હોય; અને

2) જો ગૂમ થયેલ કર્મચારી ઉચાપત, આતંકવાદી પ્રવૃત્તિ અન્ય કોઇ ગુનાઇત

પ્રવૃત્તિમાં સંડોવાયેલા હોવાની શંકા હોય તો તેવા સંજોગોમાં રહેમરાહે નિમણૂક માટે ધ્યાને લેવાનાં રહેશે નહી.

ક. ગુમ થયેલા સેવકના કિસ્સામાં તેના પરિવારના સભ્યને ગૂજરાત વિદ્યાપીઠમાં નોકરી માટે રહેમરાહે નિમણૂકની જગ્યા ની ઉપલબ્ધતા સહિતની અન્ય શરતો પરિપૂર્ણ કરતા ના હોય તો હક્ક દાવો કરી શકશે નહી.

ડ. આવા કિસ્સા ઉપર વિચારણા કરવામાં આવે તે દરમિયાન પોલીસ તપાસને પણ ધ્યાને લેવાની રહેશે.

ઇ. આવા કિસ્સામાં નોકરી માટે વિદ્યાપીઠની કારોબારી સમિતિની મંજૂરી આવશ્યક છે.

17. નિમણૂકની પધ્ધતિ

1) આ નિયમ સાથે આપવામાં આવેલ નિયત અરજીપત્રકમાં પૂર્વસેવકના પરિવારના સભ્યએ અરજી કરવાની રહેશે.

2) ગૂજરાત વિદ્યાપીઠે નિયુક્ત કરેલા કલ્યાણ અધિકારી પૂર્વસેવકના પરિવારને રૂબરૂ મળશે અને તેમને રહેમરાહે નિમણૂક આપવા બાબતે સલાહ આપશે અને અરજી કર્યાના તમામ તબક્કે ઔપચારિકતા પૂરી કરવા સહાય કરશે.

3) કલ્યાણ અધિકારી આવા તમામ કિસ્સાઓ કલ્યાણ સમિતિ સમક્ષ રજૂ કરશે અને સમિતિ દર વર્ષે તેની પ્રગતિની સમિક્ષા અચુક કરશે.

4) અરજી ઉપર કલ્યાણ સમિતિની ભલામણ નિમણૂક કર્તા અધિકારી સમક્ષ રજૂ કરવાની રહેશે.

5) નિમણૂક કર્તા અધિકારી અરજદારના પરિવારની આર્થિક સ્થિતિ, પરિવારના જીવનનિર્વાહ માટે આજીવિકાની અનિવાર્યતા, રહેમરાહે માટેની જગ્યાના હિસ્સા (Quota)માં ખાલી જગ્યાની ઉપલધતા, જે તે જગ્યા માટેના ભરતીના નિયમો વગેરે ધ્યાને લઇને નિમણૂકના આદેશ કરશે.

18. બાંયધરી

1.) વિદ્યાપીઠમાં રહેમરાહે નોકરી મેળવનાર સેવકે આપવામાં આવેલ બાંયધરી રૂ 100 ના નોન જ્યુડીશ્યલ સ્ટેમ્પ પેપર ઉપર લખીને આપવાની રહેશે.

2.) પૂર્વસેવકના પરિવારના સભ્યને આપવામાં આવેલી નિમણૂક પરિવારના અન્ય સભ્યને તબદીલ થઇ શકશે નહી.

3.) વિદ્યાપીઠમાં રહેમરાહે નોકરી મેળવ્યા બાદ આવા સેવકની નબળી આર્થિક સ્થિતિ સમાપ્ત થાય છે તે આધારે આવા સેવક ઊંચા પગાર ધોરણ વાળી જગ્યાની

લાયકાત ધરાવતા થાય કે લાયકાત ધરાવતા હોય તો પણ તેવી જગ્યાએ નિમણૂક માટે દાવો કરી શકાશે નહીં, અને આવી અરજીઓ નકારવાની રહેશે.

19. નિયમો આધાર તથા તેમાં ફેરફાર

રહેમરાહે ભરતીના કિસ્સામાં ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેઇનીંગ/UGC દ્વારા વખતો વખત જે સૂચનાઓ / આદેશ / ધોરણો/ સુધારા-વધારા જાહેર કરવામાં આવે તેનો સીધો અમલ ગૂજરાત વિદ્યાપીઠ કારોબારી સમિતિની મંજૂરીથી કરવાનો રહેશે. આ સિવાય ભારત સરકાર કે યુ.જી.સી. દ્વારા આવી નિમણૂક માટે કોઇ સુધારો કે વધારો કરવામાં આવે તો તે અનુસાર કારોબારીની મંજૂરીથી સીધો અમલ કરવાનો રહેશે.

(રાજેન્દ્ર ખીમાણી)

કુલસચિવ